# શ્રી ભાવનગર નાગરિક સહકારી બેન્ક લિ.

## વાર્ષિક સાધારણ સભા મળવાની નોટીસ

આથી બેન્કનાં સર્વે સભાસદોને ખબર આપવામાં આવે છે કે બેંકની એકોતેરમી વાર્ષિક સાધારણ સભા તા.૩૧/૦૮/૨૦૨૫ ને રવિવારના રોજ સ્ટાન્ડર્ડ ટાઈમ સવારે ૧૦.૦૦ કલાકે યશવંતરાય નાટયગૃહ, મહીલા કોલેજ પાસે, ભાવનગર ખાતે નીચેનાં કામકાજ માટે મળશે, તો સર્વે સભાસદોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

**-: વાર્ષિક સાધારણ સભાની કાર્યસૂચિ : એજન્ડા :-**

(૧) તા.૨૬/૦૫/૨૦૨૪ નાં રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી મંજુર કરવા (જુઓ નોંધ ૪)

(૨) તા.૩૧/૦૩/૨૦૨૫ નાં રોજ પુરા થયેલ વર્ષનો બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરફથી રજુ થયેલ બેંકના કામકાજનો અહેવાલ તથા બેંકનું સને ૨૦૨૪-૨૫ ના વર્ષ આખરનું સરવૈયું તથા નફા-નુકશાનનાં હિસાબો મંજૂર કરવા તથા સને ૨૦૨૪-૨૫ ના વર્ષના અન્વેષણ અહેવાલને બહાલ રાખવા.

(૩) બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ભલામણ મુજબ સને ૨૦૨૪-૨૫ નાં વર્ષનાં ચોખ્ખા નફાની વહેંચણીને બહાલ રાખવા.

(૪) ૨૦૨૫-૨૬ નાં વર્ષ માટે સ્ટેચ્યુટરી ઓડિટરની નિમણુંક (RBI ની મંજુરીને આધીન)

(૫) આ બેંકના ખરાબ લેણાંઓ જે બેંકની સેટલમેન્ટ યોજના અંતર્ગત બંધ થયેલ છે તે બહાલ રાખવા બાબત.

(૬) પેટા નિયમ સુધારા મંજૂર રાખવા (જુઓ અહેવાલ પાના નં.૩૫)

(૭) પ્રમુખશ્રીની સંમતિથી પેટાનિયમને આધીન રહીને જે કામ રજુ થાય તે.

**ભાવનગર.**
**તા.૧૪/૦૮/૨૦૨૫**

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સુચનાથી**
**નરેન્દ્ર એમ. વેગડ**
**જનરલ મેનેજર**

નોંધ :-

(૧) સભા મળવાના અડધા કલાક સુધીમાં કોરમ નહીં થયું હોય તો તે સભા મુલતવી રહેશે અને ફરી તે જ દિવસે અને તે જ સ્થળે સભાના સમય પછી અડધા કલાકે મળશે. જેમાં કોરમની જરૂર રહેશે નહીં.

(૨) તા.૧૫/૦૮/૨૦૨૫ થી તા.૩૧/૦૮/૨૦૨૫ સુધી, શેર ટ્રાન્સફર બુક બંધ રહેશે.

(૩) સભામાં આવતી વખતે ઓળખપત્ર સાથે લાવીને સહકાર આપવા વિનંતી છે.

(૪) કાર્યવાહીની નોંધ ઓફીસનાં સમય દરમ્યાન બેન્કની હેડ ઓફિસ ડોન ચોક પાસે, કૃષ્ણનગર, ભાવનગરમાં શેર વિભાગમાં વંચાણે લઈ શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

(૫) બેન્કના હીસાબો કે કામકાજ સંબંધેનાં કોઈ બાબતનાં સુચનો સાધારણ સભા મળવાનાં ૭ (સાત) દિવસ અગાઉ જનરલ મેનેજરને લખી મોકલી આપવાનાં રહેશે, જેની ખાસ નોંધ લેશો.

VIVEK-2224142